




# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૫૨ ૧૧ ઓગસ્ટ, ૨૦૧૬, ગુરૂવાર ; શ્રાવણ સુદ - ૮ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



## નારદીપુરના નરેન્દ્ર પટેલની જ્યોર્જિયામાં હત્યા કરાઈ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુર ગામના યુવાન નરેન્દ્રકુમાર જે. પટેલ જે જ્યોર્જિયામાં પોતાનો સ્ટોર ચલાવતા હતા તેમની મંગળવારે તેમના સ્ટોરમાં જ ગોળી મારી હત્યા કરવામાં આવી હોવાના અહેવાલો આવતાં જ સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

છેલ્લા ૧૪ વર્ષથી અમેરિકાના જ્યોર્જિયામાં સ્થિર થયેલ નરેન્દ્રભાઈની હત્યાના સમાચારો પરિવારજનોને મળતાં નારદીપુર ગામમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. આ બનાવને પગલે તેમના માતા-પિતા અમેરિકા જવા રવાના થયા છે. નારદીપુરમાં ભાવસારવાસ નજીક રહેતા નરેન્દ્રભાઈ યુવા અગ્રણી હતા. તેમના પરિવારજનો હાલ કલોલમાં સ્થાયી થયેલા છે.

# જાકીર નાઈક સામે ફોજદારી કેસ કરાશે

### જુદા જુદા ધર્મ અંગે નાઇકના નિવેદન, પોલીસના પુરાવા એકત્રિત : મુંબઇ પોલીસ એક બે સપ્તાહમાં જાકીર નાઇક, આઇઆરએફની સામે ગુનો નોંધશે : મુખ્યમંત્રી ફડનવીસને ૭૧ પાનાનો હેવાલ સુપરત કરવામાં આવ્યો



મુંબઈ,તા. ૧૦

મહારાષ્ટ્ર સરકાર વિવાદાસ્પદ જાકીર નાઈક સામે વધુ મજબુત સકંજો જમાવવા માટેની તૈયારી કરી લીધી છે. પ્રાપ્ત એહેવાલ મુજબ નાઈકની સામે ઉશ્કેરણીજનક ભાષણના મામલે કેસ દાખલ કરવામાં આવી શકે છે. મુંબઈ પોલીસ કમીશનર દત્તા પડસાલગીકરે વિવાદાસ્પદ ઈસ્લામિક ધર્મગુરૂ જાકીર નાઈક સામે ૭૧ પાનાનો હેવાલ મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસને સોંપીદેવામાં આવ્યો છે. ફડનવીસે આ સંબંધમાં વાત કરતા કહ્યુ છે કે કોઈ પણ પગલા હાથ ધરતા પહેલા કાયદાકીય મંત્રાલય અને ન્યાયતંત્રની સાથે વાત કરાશે. તેમના અભિપ્રાય મળવી લેવામાં આવનાર છે. ઈસ્લામિક રિસર્ચ ફાઉન્ડેશન (આઈઆરએફ)ના સ્થાપક જાકીર નાઈકની સામે આગામી દિવસો મુશ્કેલરૂપ બની શકે છે. જો કે ટોચના એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે ટુંક સમયમાં જ ફોજદારી કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. મુંબઈ પોલીસ એક સપ્તાહ અથવા તો બે સપ્તાહમાં નાઈક અને ઈસ્લામિક રિસર્ચ ફાઉન્ડેશનની સામે ગુનો દાખલ કરી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

## ચીનમાં મોદી-ઓબામા વચ્ચે મહત્વની બેઠક યોજાશે

### ઓબામા પ્રમુખ તરીકે નિવૃત્ત થાય તે પહેલાની અંતિમ બેઠક રહેશે : વિવિધ પાસાઓ પર સમજૂતિ થઈ શકે છે



નવીદિલ્હી,તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી-૨૦ શિખરના ભાગરુપે ચીનના હેંગઝોઉમાં અમેરિકી પ્રમુખ બરાક ઓબામાને મળશે. બરાક ઓબામા અને નરેન્દ્ર મોદી વચ્ચે આ છેલ્લી બેઠક હોઈ શકે છે. કારણ કે, અમેરિકી પ્રમુખ ઓબામાં આગામી વર્ષની શરૂઆતમાં હોદો છોડનાર છે. ભારત અને અમેરિકા વચ્ચે વ્યૂહાત્મક સંબંધોને આગળ વધારવા માટે આ બેઠકને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આ શિખર બેઠક ઉપર તમામની નજર રહેશે. વોશિંગ્ટનમાં જૂન મહિનામાં મોદી અને ઓબામા વચ્ચે વિવિધ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા થિ હતી. મોદી આ વર્ષે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠકમાં હાજરી આપવા માટે ન્યુયોર્ક જનાર નથી. ૭-૮ સપ્ટેમ્બરના દિવસે ઈસ્ટ એશિયા અને ઈન્ડિયા એશિયન સમિટ દરમિયાન ૨૪ કલાક માટે આ બેઠક યોજાઈ શકે છે. બંને પક્ષો ચીનમાં બેઠક નક્કી કરવા માટે વાતચીતમાં વ્યસ્ત છે.

# ઉત્તર-મધ્ય ગુજરાતમાં અતિ ભારે વરસાદ

### સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર, મધ્ય ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં વરસાદ નર્મદા અને મહિસાગર નદીમાં પૂરની સ્થિતિ : ૫૦થી વધુ ગામો એલર્ટ થયા

અમદાવાદ,તા.૧૦

ઉત્તર અને મધ્ય ગુજરાતમાં તથા ગુજરાતના સૌરાષ્ટ્રમાં વિવિધ ભાગોમાં ભારે વરસાદ થતાં જનજીવન ઠપ થઈ ગયું છે. ઉત્તર રાજસ્થાન ઉપર સક્રિય લો પ્રેશરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. ઉત્તર રાજસ્થાન ઉપર કેન્દ્રિત અપરએર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ વચ્ચે હજુ ભારે વરસાદ જારી રહે તેવી શક્યતા છે. ઉત્તર ગુજરાતમાં અરવવલ્લીમાં આજે છઈંચથી વધુ વરસાદ થતાં નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. કેટલીક સોસાયટીઓમાં પાંચથી છ ફૂટ પાણી ભરાઈ ગયા હતા. વડોદરામાં પણ ભારે વરસાદ થયો છે. બીજી બાજુ રાજ્યના અન્ય ભાગોમાં નોંધપાત્ર વરસાદ થયો છે. વડોદરામાં હજુ પણ જળબંબાકારની સ્થિતિ રહેલી છે. અરવલ્લીમાં મેઘતાંડવની સ્થિતિ જોવા મળી રહી છે. હવામાન વિભાગ તરફથી હજુ ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે જેથી તંત્ર સંપૂર્ણપણે સાવધાન છે. વડોદરામાં મંગળવારના દિવસે અતિ ભારે વરસાદ થયા બાદ આજે બપોર બાદ ફરી ધોધમાર વરસાદની શરૂઆત થઈ હતી. નર્મદા, મહિસાગર નદીમાં પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. જિલ્લામાંથી પસાર થતીં નર્મદા નદી અને મહિસાગર નદીમાં પુરની સ્થિતિના પગલે નદી કિનારાના ૫૦થી વધુ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. અત્રે નોંધનીય છે કે, મંગળવારના દિવસે વડોદરામાં કલાકોના ગાળામાં જ સાત ઈંચથી વધુ વરસાદ થતાં સમગ્ર શહેરમાં પાણી ભરાયા હતા. આજવા ડેમની સપાટી હવે વધીને ૨૧૨ ફૂટ સુધી પહોંચી છે. વિશ્વામિત્રી નદીની સપાટી ૧૨.૫ ફુટ છે. મધ્યપ્રદેશ અને નર્મદા ડેમના ઉપરવાસમાં ભારે વરસાદ થતાં નર્મદા નદીમાં આ સ્થિતિ સર્જાઈ ગઈ છે. વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં ત્રણ,

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપના પ્રદેશ પ્રમુખ પદે જીતુભાઈ વાઘાણીની વરણી

### જીતુભાઈ સામે અનેક નવા પડકારો રહેશે : ૨૦ વર્ષથી ભાજપ પ્રદેશ પ્રમુખ પદે સૌરાષ્ટ્રનો દબદબો જારી રહ્યો

અમદાવાદ, તા.૧૦

રાજયના મુખ્યમંત્રીપદે વિજય રૂપાણી નિયુક્ત થયા બાદ ભાજપના હાઈકમાન્ડે આજે ગુજરાત



ભાજપના પ્રમુખપદે ભાવનગર પશ્ચિમના અને લેઉઆ પટેલ જ્ઞાતિના યુવા ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીની નામની જાહેરાત કરી હતી. પ્રદેશ પ્રમુખ પદે નિયુક્ત થયા બાદ જીતુભાઈ વાઘાણીએ મુખ્યમંત્રી વિજય રૂપાણી નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલની શુભેચ્છા મૂલાકાત લઈ મુખ્યમંત્રી સાથે સીધા ભાજપના પ્રદેશ કાર્યાલય શ્રી કમલન ખાતે પહોંચ્યા હતા જ્યા પ્રદેશ હોદ્દેદારો વગેરે સાથે પણ શુભેચ્છા મૂલાકાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના મુખ્યમંત્રી કોઈ પણ જિલ્લાના હોય પરંતુ પ્રદેશ પ્રમુખપદે સૌરાષ્ટ્રના જ આગેવાનને નિમવાનો સીલસીલો ભાજપમાં છેલ્લા ૨૦ વર્ષથી ચાલતો આવ્યો છે. વજુભાઈ વાળા, રાજેન્દ્રસિંહ રાણા, પરષોત્તમ રૂપાલા, આરસી ફળદુ અને વિજય રૂપાણી બાદ હવે જીતુભાઈ વાઘાણીની પ્રદેશ પ્રમુખ પદે વરણી થતા ભાજપના સંગઠનમાં સૌરાષ્ટ્રનો દબદબો જળવાઈ રહ્યો છે. વર્ષ ૧૯૯૫માં સુરતમાંથી કાશીરામ રાણાની પ્રદેશ પ્રમુખ તરીકે વળણી થઈ હતી. ત્યાર બાદ તમામ પ્રદેશ પ્રમુખો સૌરાષ્ટ્રમાંથી આવ્યા છે. બીકોમ એલએલબી સુધીનો અભ્યાસ ધરાવતા ૪૬ વર્ષના જીતુભાઈ વાઘાણી ભાજપના અત્યાર સુધીના યુવાન પ્રદેશ પ્રમુખ બન્યા છે. ભારતીય જનતા પાર્ટીની યાદી અનુસાર બાળપણથી આરએસએસના સ્વયંસેવક એવા જીતુભાઈ ખેડુતપુત્ર છે. એબીવીપીથી શરૂ કરેલી જાહેરજીવનની કારર્કિદી સાથે સેનેટ સભ્ય, શિક્ષણ સમિતિના સભ્ય બન્યા હતા. ભાવનગર શહેરના યુવા મોરચાના સહમંત્રીથી શરૂ કરીને ભાવનગરનાં શહેર મહામંત્રી અને યુવામોરચાનાં પ્રદેશ પ્રમુખ અને પછી પ્રદેશ મંત્રી સુધીની સફરમાં જીતુભાઈએ પોતાનાં ૨૮ વર્ષથી રાજકીય ક્ષેત્રે સક્રિય રહ્યા છે. તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રામાં પણ સૌરાષ્ટ્રના સહ ઈન્ચાર્જ તરીકે યશસ્વી કામગીરી બજાવી હતી.

# ગુજરાતના ૧૨ ધોરી માર્ગો પર ૧૫મીથી ટોલટેક્સ નાબૂદ

### ગુજરાતના મુખ્યમંત્રી રૂપાણીનો પ્રજાલક્ષી મહત્વપૂર્ણ નિર્ણય : રાજ્ય સરકાર પ્રતિવર્ષ ૧૫૦ કરોડનો બોજ ઉપાડશે : ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની એસટી બસોને પણ મુક્તિ : બસના ભાડાઓ ઘટી શકે છે

ગાંધીનગર, તા.૧૦

નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે જણાવ્યું છે કે, મુખ્યમંત્રી વિજય રૂપાણી અને મુખ્ય સચિવ તથા નાણા વિભાગ સાથે મળેલ બેઠકમાં આજે રાજય સરકાર હસ્તકના ૧૨ સ્ટેટ હાઈવે પરથી પસાર થતા તમામ પ્રકારના વાહનચાલકો પાસેથી ટોલટેક્ષ લેવામાં આવતો હતો. તે અંગે પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે દ્વારા સૈધ્ધાંતિક જાહેરાત કરવામાં આવી હતી. આ નિર્ણયને કાર્યાન્વિત કરવા માટે આજે મળેલ બેઠકમાં આ પ્રજાલક્ષી નિર્ણય કરાયો છે. આ નિર્ણય મુજબ હવે આ ૧૨ રસ્તા પરથી પસાર થતા પેસેન્જર વાહનો જેવા કે કાર, જીપ જેવા ફોર વ્હીલર, રીક્ષા અને ત્રણ પૈડા જેવા વાહનોને ટોલટેક્ષમાંથી મુક્તિ આપવામાં આવી છે. જેના કારણે દૈનિક ૮૬૦૦૦ થી વધુ વાહન ચાલકોને આનો લાભ મળશે. લેવાતા પેસેન્જર ટોલટેક્ષમાંથી આગામી રાષ્ટ્રીય પર્વ ૧૫મી ઓગસ્ટ-૨૦૧૬થી ટેક્ષ નાબુદ કરવાનો પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે. જેનાથી રાજય સરકારનો પ્રતિ વર્ષ રૂપિયા દોઢસો કરોડનો બોજ પડશે અને પ્રજાજનોને ટોલટેક્ષમાંથી માફી મળશે. તેમણે ઉમેર્યું કે, અત્યાર સુધી રાજય સરકાર હસ્તકના જે ૧૨ ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમ હસ્તકની એસટીબસોને પણ આ માર્ગો ઉપરથી ટોલટેક્ષમાંથી મુક્તિ આપવામાં આવી છે. જેનાથી એસટી બસના ભાડા ઘટશે અને અંદાજે રૂ. ૨૦ કરોડનું ભાડુ આ રૂટ પુરતુ લોકોનું બચશે. રાજય સરકાર હસ્તકના જે ૧૨ રાજય ધોરીમાર્ગો પરથી ટોલટેક્ષ નાબુદ કરાયો છે. આ માર્ગો ઉપર ૨૭ જેટલા ટોલ પ્લાઝા આવેલા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ક્યાં ટોલટેક્સ નાબૂદ...

- અમદાવાદ-મહેસાણા રોડ
- વડોદરા-હાલોલ રોડ
- અમદાવાદ-વિરમગામ-માળીયા રોડ
- હાલોલ-ગોધરા-શામળાજી રોડ
- રાજકોટ-જામનગર-વાડીનાર રોડ
- હિંમતનગર બાયપાસ રોડ
- કીમ-માંડવી રોડ
- ભુજ-નખત્રાણા રોડ
- ડીસા-પાથાવાડા-ગુંદરી રોડ
- છાયાપુરી-આરઓબીરેલ એવરબ્રીજ
- કપડવંજ-મોડાસા રોડ
- બગોદરા-બામણબોર રાષ્ટ્રીય ધોરીમાર્ગ



અમૃતપુરી એમ. ગોસ્વામી
(૧૩.૧૨.૧૯૫૬ - ૧૧.૮.૨૦૧૫)

અમારે માટે તો તમે છો નિરંતર પ્રેરણા શ્રોત, અમારા પ્રત્યેક વિચાર અને કાર્યમાં પથદર્શક, અમારા સ્વપ્નો, અમારા પ્રયત્નો અને અમારી પ્રતિબદ્ધતામાં તમે સદા જીવંત રહો....

न जायते प्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यामाने शरीरे ॥
આત્માને ના જન્મ, ના મૃત્યુ; ના આદિ, ના અંત.
અજન્મ અને અમર એવો એ સનાતન સદાય,
ના કોઈને હણે, ના કોઈથી હણાય.
- ભાગવદ ગીતા (અધ્યાય ૨ - શ્લોક ૨૦)

## પ્રેરણા સ્મૃતિમાં

જયાબેન અમૃતપુરી ગોસ્વામી

મેહુલ એ. ગોસ્વામી
રવિપુરી એ. ગોસ્વામી
દિવ્યા એમ. ગોસ્વામી
કુ. ધ્રીશા એમ. ગોસ્વામી





